NAYARA
ENERGY

## PRESS COVERAGE:

**PUBLICATION NAME:** PHULCHHAB (GUJARATI DAILY)
**CITY:** JAMNAGAR
**DATE:** 20-06-2018
**PAGE NO.** 02
**TOTAL SQ. CM.** 244
**TITLE:** *Nayara Energy Limited distributes school and hygienic kits in 226 school*

---

# વાડીનારની ૨૨૬ શાળામાં સ્વચ્છતા કિટ



*નયારા એનર્જી દ્વારા ૨૨૬ શાળાઓમાં દફતરની સાથે સ્વચ્છતા કિટનું વિતરણ.*

## નયારા એનર્જી દ્વારા વિદ્યાર્થીઓને શૈક્ષણિક દફતર - સ્વચ્છતા કિટનું વિતરણ

જામનગર: વાડીનાર ખાતેની નયારા એનર્જી લિમિટેડે રાજય સરકાર દ્વારા ઉજવાતા શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમમાં સહભાગી બની ખંભાળિયા તાલુકાની ૨૧૨ અને લાલપુર તાલુકાની ૧૪ શાળાઓ મળી કુલ ૨૨૬ શાળાઓના ૩,૦૦૦ વિદ્યાર્થીઓને સ્કૂલ બેગ કિટની સાથે સ્વચ્છતા અંગે જાગૃતિ લાવવા માટે 'સ્વચ્છતા કિટ'નું વિતરણ કરવાની પહેલ કરી છે.

નયારા એનર્જી લિમિટેડ દ્વારા સેવાકીય પ્રવૃત્તિઓના ભાગરૂપે ખંભાળિયા તાલુકાની ૨૧૨ અને લાલપુર તાલુકાની ૧૪ શાળાઓમાં કંપનીના અધિકારીઓ તથા પર્યાવરણ શિક્ષણ કેન્દ્રના કર્મીઓએ રૂબરૂ જઈ વિદ્યાર્થીઓને સ્કૂલ બેગ અને હાઈજીન કિટનું વિતરણ કર્યું હતું. સ્કૂલ બેગ કિટમાં સ્લેટ, સ્લેટ પેન, બુક, વેક્સ ક્રેયોન્સ, ક્રેયોન્સ કલર બુક, પાણીની બોટલ વગેરે વસ્તુઓ વિદ્યાર્થીઓને આપવામાં આવી હતી. આ વેળાએ મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી, સરપંચ તેમજ અન્ય અધિકારીગણ ઉપસ્થિત રહ્યા હતા.

નયારા એનર્જી લિમિટેડે સ્કૂલ બેગ કિટની સાથે વિદ્યાર્થીઓને હાઈજિન કિટનું વિતરણ કરી એક નવી પહેલ કરી છે. આ સ્વચ્છતા કિટમાં નેઈલ કટર, કાંસકો, ટૂથ બ્રસ, ટૂથ પેસ્ટ, ઊલિયું, હાથ રૂમાલ વગેરે વસ્તુઓ વિદ્યાર્થીઓને આપવામાં આવી હતી. કંપનીના સ્ટાફ દ્વારા બાળકોમાં સ્વચ્છતા અંગે સમજ નાનપણથી જ કેળવાય એ માટે સ્વચ્છતા કિટમાં રહેલી વસ્તુઓનો ઉપયોગ રોજેરોજ કઈ રીતે કરવો અને તેનાથી તંદુરસ્તી કઈ રીતે સચવાયેલી રહેશે તેનું માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. કંપનીની આ પહેલને શાળાઓના આચાર્ય તથા શિક્ષકોએ આવકારી હતી.

નયારા એનર્જી લિમિટેડ રિફાઈનરી નજીકના ગામોમાં 'ગ્રામશિક્ષા' કાર્યક્રમ હેઠળ બાળકો શાળાઓમાં નિયમિત હાજર રહે, કન્યા કેળવણીમાં વધારો થાય, વિદ્યાર્થીઓમાં ઉચ્ચ અભ્યાસનું પ્રમાણ વધે, નાના બાળકોમાં ડ્રોપઆઉટનું પ્રમાણ ઘટે અને પ્રૌઢ શિક્ષિત થાય એ માટે પણ કાર્ય કરવામાં આવી રહ્યું છે.